# :: વાહન/અન્ય ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની હરાજીની શરતો ::

૧. ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતીમાં છે તે રીતે ટેક્ષ ની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાના છે.

૨. ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમો જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૩૦ થી ૧૭.૦૦ કલાક સુધીમાં જોવા મળશે.

૩. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં રોકડા રૂા.૫૦૦/– (નોન રીફંડેબલ) ભરીને જે તે કચેરીએથી કચેરી સમય સવારે ...... થી ..... કલાક સુધીમાં મેળવી તા.................. સુધીમાં સાંજે ...... કલાક સુધીમાં જે તે કચેરીને પહોંચતા કરવાના રહેશે.

૪. ટેન્ટર ફોર્મ સાથે નીચેની વિગતે EMD નો ડી.ડી બિડાણ કરી જે તે કચેરી એ મોકલવાનો રહેશે. જે પાછળથી કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીના નિયમો અનુસાર પરત કરવામાં આવશે. EMD અને ટેન્ડર ફી વગરનો સોદો ગ્રાહય રાખવામાં આવશે નહી.

| અ.નં. | કચેરીનું નામ | આઈટમનું નામ | ટેન્ડર ફી (રૂા.) | EMD ની રકમ (રૂા.) | જેના નામનો ડીડી બનાવવાનો હોય તે કચેરી નું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (સસ્ય) | ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૫૦૦/– | ૫,૦૦૦/– | ASSISTANT RESEARCH SCIENTIST (AGRONOMY) , COLLEGE FARM , N.A.U. |
| ૨. | કોલેજ હોસ્ટેલ– ન.મ.કૃષિ મહાવિદ્યાલય, | ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૫૦૦/– | ૫,૦૦૦/– | ASSISTANT ADMINISTRATIVE OFFICER, N M COLLEGE OF AGRICULTURE |
| ૩. | પશુ સંશોધન કેન્દ્ર | ડેડ સ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૫૦૦/– | ૫,૦૦૦/– | RESEARCH SCIENTIST (LRS) |

૫. ટેન્ડર **તા.૦૭/૦૯/૨૦૨૧** ના રોજ સમય **(સવારે) ૧૦:૦૦** કલાકે ખોલવામાં આવશે. ઈજારદારો અથવા તેના પ્રતિનિધિએ હાજર રહેવું. જેમનું ટેન્ડર મંજુર થશે તેમણે ઈજારાની રકમ નીચે ની વિગતે ભરવાની રહેશે.

૬. ટેન્ડર ફોર્મમાં ભરેલ ભાવના ૫૦% રકમ ટેન્ડર મંજુર થયેથી /હરાજી બાદ તુરંત જ ભરપાઈ કરવાના રહેશે. બાકીની ૫૦% રકમ દિન–૫ માં જમા કરાવવાની રહેશે. આર.ટી.ઓ. પેપર્સ તૈયાર કરીને વાહનને અત્રેથી લઈ જવાનું રહેશે અને તેમાં નિષ્ફળ જનારને તેમની EMD કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સીટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

૭. ટેન્ડરના કવર ઉપર "**ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમો** " અવશ્ય લખવાનું રહેશે. પાર્ટીનું નામ, સરનામું મોટા અક્ષરે લખવું. ટેન્ડર ટપાલ/કુરીયર અથવા રૂબરૂમાં નિયત તારીખ પહેલા જે તે કચેરીને સીલબંધ કવરમાં મોકલવાના રહેશે.

૮.(અ). ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા નીચા જણાય તો તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે.જાહેર હરાજી માં પણ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા ઓછા જણાય તો હરાજી રદ કરવામાં આવશે.

(બ). ટેન્ડર ભરનાર ઈસમો ને કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત કરવામાં આવશે નહી જેની નોંધ લેવી.

૯. રકમ ઉપર ની મુદતમાં જમા કરવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અને EMD ની રકમ જપ્ત કરવામાં આવશે, કોઈ પણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૧૦. ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમો વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે. અત્રેથી જરૂરી દસ્તાવેજ પેપરમાં સહી કરી આપવામાં આવશે.

૧૧. જરૂરી પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પુરી થયા બાદ EMD પરત કરવામાં આવશે. તેમજ ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે.

૧૨. ડેડ સ્ટોક/સ્ક્રેપ/ઈલેકટ્રોનિક બીનઉપયોગી આઈટમો જે તે ઈજારાદારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનુ રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહી. તેમજ હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા ઈસમને ઈજારો આપી શકશે નહિ.

૧૨. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો નવસારી કૃષિ યુર્નિવસિટી,નવસારી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદદારને બંધન કર્તા રહેશે અને કાયદાકીય જયુરીડીકેશન નવસારી રહેશે.

૧૩. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદ કરનાર ને બંધનકર્તા રહેશે.

૧૪. કોઈપણ ટેન્ડરાને સ્વીકારવું અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે.


૧૫. નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯) ની મહામારીના કારણે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યકિતએ આવવાનું રહેશે.

૧૬. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી પાસે તેમની સૌથી ઊંચી બોલીના ૧% રકમ  ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવાના રહેશે.
૧૭. કોઈ પણ જાતનો નયાયિક પ્રશ્ન ઉતસ્થિત થાય તો ન્યાયિકક્ષેત્ર નવસારી રહેશે.

**ઉપરની તમામ શરતો મને માન્ય / કબુલ / બંધન કર્તા છે.**

તારીખ :
સ્થળ :

પાર્ટીનું નામ :
સરનામું :
ટેન્ડર ભરનારની સહી :
કોન્ટેકટ નંબરઃ


ગુજરાત સમાચાર
(સુરત આવૃત્તિ)

તા: 10/8/2021

## જાહેરાત

નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, નવસારી ખાતેના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય), કોલેજ ફાર્મ, કોલેજ હોસ્ટેલ-ન.મ.કૃષિ મહાવિદ્યાલય, પશુ સંશોધન કેન્દ્ર ખાતે જે હાલતમાં છે તે હાલતમાં બિનઉપયોગી ડેડસ્ટોક/સ્ક્રેપ/ઈલેક્ટ્રોનિક આઈટમો ટેન્ડરથી લોટ દિઠ જાહેર હરાજીથી નિકાલ કરવાના હોય તે અંગેનું ટેન્ડર ફોર્મ ઉપર જણાવેલ ત્રણેય કચેરીમાંથી કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં ટેન્ડર ફી રૂા. ૫૦૦/- ભરી શરતો મુજબ ભાવ ભરી સીલ બંધ કવરમાં તા.૦૬/૦૯/૨૦૨૧ સમય-૫:૦૦ (સાંજના) કલાક સુધીમાં જે તે કચેરીમાં રૂબરૂ કે પોસ્ટ/કુરીયર દ્વારા પહોંચતા કરવા જણાવવામાં આવે છે ઈજારાની બોલી, શરતો અત્રેની કચેરીએથી અથવા www.nau.in પરથી જોવા મળશે.

નવસારી
તા.

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય),
કોલેજ ફાર્મ, નકૃયુ., નવસારી

માહિતી/નવસારી/૧૮૪/૨૦૨૧